સેશન્સ કેસ નં. ૪૪ સને ૨૦૧૯
આંક :–

**–:નમુનો–અ:–**

# જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ચુકાદાની તા.૨૫/૦૩/૨૦૨૬**

**સેશન્સ કેસ નં. ૪૪/૨૦૧૯**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ફર્સ્ટ ૨૦૮/૨૦૧૮ |
| પોલીસ સ્ટેશન | જૂનાગઢ એ–ડીવીઝન પોલીસ સ્ટેશન, જુનાગઢ |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર ( ફરીયાદી : પરેશભાઈ દામજીભાઈ સોલંકી ) |
| ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી: | વિ.એડી. પી.પી.શ્રી જે.એમ.દેવાણી |
| આરોપીપક્ષ | (૧) સોહીલ શરીફભાઈ દલ,ઉ.વ.આ.૨૭, ધંધો–મજુરી,<br>(૨) જુનેદભાઈ હબીબભાઈ દલ, ઉ.વ.આ.૨૨,ધંધો–મજુરી<br>(૩) ઈદ્રીશ શરીફભાઈ દલ, ઉ.વ.આ.૨૪, ધંધો–મજુરી, રહે.ત્રણેય. મજેવડી દરવાજા બહાર, ચુનારાવાસ, જાહેરશા પીરની દરગાહની બાજુમાં, જુનાગઢ.<br>(૪) અયુબ આમદભાઈ સુમરા, ઉ.વ.આ.૨૭, ધંધો–મજુરી, રહે.મજેવડી દરવાજા બહાર, ભારત મીલ સામે, હોન્ડા શો રૂમની બાજુમાં, કરીમાબાગ સોસાયટી સામે, જુનાગઢ.<br>(૫) મકબુલ હબીબભાઈ દલ, ઉ.વ.આ.૨૭, ધંધો–મજુરી, રહે.મજેવડી દરવાજા બહાર, ચુનારાવાસ, જાહેરશા પીરની દરગાહની બાજુમાં, જુનાગઢ.<br>(૬) અનવરભાઈ ગફારભાઈ ખેભર, ઉ.વ.આ.૨૮, ધંધો–મજુરી, રહે.નાગબાઈ ધાર વિસ્તાર, જેતપુર, જી.રાજકોટ. |
| આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી જે.આર.જોષી |

**-:નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૧/૧૨/૨૦૧૮ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૧/૧૨/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૧૩/૦૪/૨૦૧૯ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૩૦/૦૯/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૬/૦૭/૨૦૨૩ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૨૭/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**-:આરોપીઓની વિગત:-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સોહીલ શરીફભાઈ દલ, | ૨૨/૧૨/૧૮ | ૨૮/૧૨/૧૮ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨)તથા જી.પી.એકટની કલમ ૧૩૫ | -- | -- | -- |
| ૨ | જુનેદભાઈ હબીબભાઈ દલ | ૨૨/૧૨/૧૮ | ૨૮/૧૨/૧૮ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨)તથા જી.પી.એકટની કલમ ૧૩૫ | -- | -- | -- |
| ૩ | ઈદ્રીશ શરીફભાઈ દલ | ૨૨/૧૨/૧૮ | ૨૮/૧૨/૧૮ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨)તથા | -- | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | જી.પી.એકટની કલમ ૧૩૫ | | | |
| ૪ | અયુબ આમદભાઈ સુમરા | ૨૨/૧૨/૧૮ | ૨૮/૧૨/૧૮ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨)તથા જી.પી.એકટની કલમ ૧૩૫ | -- | -- | -- |
| ૫ | મકબુલ હબીબભાઈ દલ | ૨૨/૧૨/૧૮ | ૨૮/૧૨/૧૮ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨)તથા જી.પી.એકટની કલમ ૧૩૫ | -- | -- | -- |
| ૬ | અનવરભાઈ ગફારભાઈ ખેંભર | ૨૨/૧૨/૧૮ | ૨૮/૧૨/૧૮ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨)તથા જી.પી.એકટની કલમ ૧૩૫ | -- | -- | -- |

## -:: ચુકાદો ::-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી મજેવડી દરવાજા, ચુનારાવાસ, જુનાગઢ ખાતે પોતાના પરીવાર સાથે રહે છે અને છુટક મજુરી કરી ગુજરાન ચલાવે છે. તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં તેઓ તથા તેઓનો ભાણેજ વિપુલ ભુપતભાઈ પરમાર, રહે.જુનાગઢ, મજેવડી દરવાજા ચુનારાવાસ વાળો તેઓ બંને ઘરે હતા. તે દરમ્યાન ચુનારાવાસમાં રહેતા સોહીલ શરીફભાઈ દલ તથા જુનેદ હબીબભાઈ દલ તથા ઈન્દ્રીસભાઈ શરીફભાઈ દલ તથા ત્રણ અજાણ્યા માણસો સાથે તલવાર તથા લોખંડના પાઈપ લઈ તેઓના ઘરે આવેલ અને આ સોહીલે તેઓને કહેલ કે, તારો દીકરો પરાગ કયાં છે ? તેને જાનથી મારી નાખવો છે. જેથી ફરીયાદીએ જણાવેલ કે કામે ગયેલ છે તેમ જણાવતા તે જેમફાવે તેમ ભુંડીગાળો બોલવા લાગતા આ સોહીલ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને તેની પાસેની તલવારથી

ફરીયાદીનની ઉપર ઘા કરતા ફરીયાદી છટકી જતા ફરીયાદીના ડાબા પગના પંજામાં ઘા લાગેલ અને ઈન્દ્રીસના હાથમાં લોખંડનો પાઈપ હતો જેનાથી માથામાં મારતા ફરીયાદીને માથામાં લાગેલ તેમજ તેની સાથે અજાણ્યા ઈસમો પાસે પણ લોખંડના પાઈપ હતા જેનાથી ફરીયાદીને મારવા લાગેલ જેથી તેનો ભાણેજ વિપુલ તેઓને બચાવવા આવતા આ સોહીલે તેના ભાણેજ વિપુલને માથામાં તલવારનો ઘા મારેલ તેમજ બીજા અજાણ્યા ઈસમો તથા જુનેદ પણ તેમને જેમફાવે તેમ મારવા લાગેલ જેથી તેઓએ બુમાબુમ કરતા તેઓની બાજુમાં રહેતા સુરેશભાઈ, સતીષભાઈ પરમાર, ભુપતભાઈ તથા વગેરે માણસો આવી જતા તેઓને વધુ મારમાંથી બચાવેલ. આ સોહેલ તથા બીજા અન્ય માણસો જતા રહેલ. તેઓને તથા તેઅઓના ભાણેજને સુરેશભાઈ તેમની રીક્ષામાં બેસાડી સરકારી દવાખાને સારવારમાં લાવેલ. તેઓની સારવાર ચાલુ છે અને સંપુર્ણ ભાનમાં છે અને તેઓના ભાણેજ વિપુલને માથામાં ટાંકા આવેલ છે તે હાલ બોલી શકતો નથી. આ બનાવનું કારણ એ છે કે, ફરીયાદીના દીકરા પરાગના મોબાઈલમાં આ સોહીલના બેન ઉશ્માએ મેસેજ કરેલ હોય જે બાબતનું મનદુ:ખ રાખી આ સોહીલ તથા જુનેદ તથા ઈન્દ્રીસ તથા તેમના ત્રણ મિત્રો જેને જોયે ફરીયાદી ઓળખે છે. જેના નામ તેઓને આવડતા નથી. તે બધા તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ બપોરના ત્રણ વાગ્યાના અરસામાં ફરીયાદીના ઘરે તલવારો તથા લોખંડના પાઈપ જેવા હથિયારો લઈ આવી ફરીયાદીને તથા તેના ભાણેજને જેમફાવે તેમ ભુંડીગાળો આપી તેઓને તલવાર એક ઘા મારેલ તથા લોખંડના પાઈપનો એક ઘા ફરીયાદીના માથામાં મારેલ તથા ફરીયાદીના ભાણેજ વિપુલને એક તલવારનો માથામાં મારેલ તથા શરીરે લોખંડના પાઈપોથી મારી ઈજા કરી ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદ જૂનાગઢ બી–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.ફર્સ્ટ ૨૦૮/૨૦૧૮ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ફરીયાદ અન્વયે જરૂરી પંચનામાઓ કરી, સાહેદોના નિવેદનો મેળવી તથા આરોપીઓને અટક કરી આરોપીઓ સામે પુરતો પુરાવો હોય ભારતીય દંડ સંહિતાની

કલમ– ૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨)તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ નીચેની કોર્ટમાં રજુ કરેલુ.

(૨) આ કામેના આરોપીઓ સામેનુ ચાર્જશીટ જૂનાગઢની ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ફોજ. કેસ નં. ૧૩૨૮/૨૦૧૯ તરીકે નોંધાયેલુ.

(૩) આ કામેના આરોપીઓને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલી. ત્યારબાદ આરોપીઓ સામેની ગુન્હાની કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોવાથી વિ.ચીફ જયુડી.મેજી., જૂનાગઢ ધ્વારા સદરહુ કેસ ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૨૦૯ અન્વયે તા.૨૪/૦૯/૨૦૧૯ ના હુકમથી સેશન્સ અદાલતમાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવતા સદરહુ કેસ સેશન્સ કેસ નં.૪૪/૨૦૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૪) આ કામે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ આરોપીઓ સામે આંક–૨૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલુ અને તેઓને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલુ અને આરોપીઓની આંક–૨૬, આંક–૨૭, આંક–૨૮, આંક–૨૯, આંક–૩૦ અને આંક–૩૧ થી ગુન્હાની કબુલાત અંગેની પ્લી નોંધવામાં આવેલી જેમાં તેઓએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતા તેઓ સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષ ધ્વારા પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**<u>–:નમુનો–ક:–</u>**

**<u>:: સાહેદો નુ લીસ્ટ::</u>**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૪૭ | પરેશભાઈ દામજીભાઈ સોલંકી | ફરીયાદી |
| પી.૨ | ૪૯ | વિપુલભાઈ ભુપતભાઈ પરમાર | સાહેદ |
| પી.૩ | ૧૦૦ | તરૂલતાબેન મહેશભાઈ મહેતા | પોલીસ સાહેદ |
| પી.૪ | ૧૦૧ | કીંજલ કરશનભાઈ મારૂ | ત.ક.અ.શ્રી |
| પી.૫ | ૧૦૬ | રમાબેન ભલાભાઈ સોલંકી | ત.ક.અ.શ્રી |

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

**અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૪૮ | ફરીયાદ |
| ડી.૨ | ૫૪ | પી.એસ.ઓ.બી.ડીવી.જુનાગઢને ડી.ઓ.નં.૬૨૩૭/૨૦૧૮ થી કરેલ યાદી |
| ડી.૩ | ૫૫ | ફરીયાદ રજી.કરવા બાબત પી.એસ.ઓ.ને કરેલ રીપોર્ટ |
| ડી.૪ | ૫૬ | ફેકસ મેસેજ |
| ડી.૫ | ૫૭ | તપાસ અંગેની યાદી |
| ડી.૬ | ૫૮ | આરોપી સોહીલ, જુનેદ તથા ઈદ્રીશનું અટક પંચનામું |
| ડી.૭ | ૫૯ | વિપુલભાઈનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૮ | ૬૦ | પરેશભાઈનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૯ | ૬૧ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૧૦ | ૬૨ | આરોપી અયુબભાઈ, મકબુલભાઈ તથા અનવરભાઈનું અટક પંચનામું |
| ડી.૧૧ | ૬૩ | આઈ.પી.સી.કલમ ૩૦૭ નો ઉમેરો કરવા બાબત નામ.ચીફ.જયુ.મેજી.શ્રી જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૧૨ | ૬૪ | ભારે ગુન્હાનો સ્પે.રીપોર્ટ |
| ડી.૧૩ | ૬૫ | આરોપીઓના બ્લડ સેમ્પલ લેવા બાબત મેડીકલ ઓફીસર જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૧૪ | ૬૬ | ઈજાપામનારના બ્લડ સેમ્પલ લેવા બાબત મેડીકલ ઓફીસર જુનાગઢને કરેલ રીપોર્ટ |
| ડી.૧૫ | ૬૭ | વીએચએફ મેસેજ |
| ડી.૧૬ | ૬૮ | સ્થળ પરીક્ષણ અહેવાલ |

| | | |
|---|---|---|
| ડી.૧૭ | ૬૯ | ફરીયાદી તથા ઈજાપામનારે બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનું પંચનામું |
| ડી.૧૮ | ૭૦ | ફરીયાદી/ઈજા પામનારને બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનું પંચનામું |
| ડી.૧૯ | ૭૧ | ફરીયાદી, સાહેદ તથા આરોપીઓના બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| ડી.૨૦ | ૭૨ | મુદદામાલ પૃથ્થકરણ કરવા અર્થે એફ.એસ.એલ.ને મોકલેલ રવાનગી |
| ડી.૨૧ | ૭૩ | મેડીકલ ઓફીસર જુનાગઢનાઓએ પરેશભાઈના લડના નમુના પી.આઈ.બી.ડીવી.જુનાગઢને મોકલ્યા અંગેનો ફો. |
| ડી.૨૨ | ૭૪ | મેડીકલ ઓફીસર જુનાગઢનાઓએ વિપુલભાઈના બ્લડના નમુના પી.આઈ.બી.ડીવી. જુનાગઢને મોકલ્યા અંગેનો ફો. |
| ડી.૨૩ | ૭૫ | મેડીકલ ઓફીસર |
| ડી.૨૪ | ૭૬ | મેડીકલ ઓફીસર જુનાગઢનાઓએ જુનેદભાઈના બ્લડના નમુના પી.આઈ.બી.ડીવી.જુનાગઢને મોકલ્યા અંગેનો ફો. |
| ડી.૨૫ | ૭૭ | મેડીકલ ઓફીસર જુનાગઢનાઓએ ઈદ્રીશભાઈના બ્લડના નમુના પી.આઈ.બી.ડીવી.જુનાગઢને મોકલ્યા અંગેનો ફો. |
| ડી.૨૬ | ૭૮ | મેડીકલ ઓફીસર જુનાગઢનાઓએ અયુબભાઈના બ્લડના નમુના પી.આઈ.બી.ડીવી.જુનાગઢને મોકલ્યા અંગેનો ફો. |
| ડી.૨૭ | ૭૯ | મેડીકલ ઓફીસર જુનાગઢનાઓએ મકબુલભાઈના બ્લડના નમુના પી.આઈ.બી.ડીવી.જુનાગઢને મોકલ્યા અંગેનો ફો. |
| ડી.૨૮ | ૮૦ | મેડીકલ ઓફીસર જુનાગઢનાઓએ અનવરભાઈના બ્લડના નમુના પી.આઈ.બી.ડીવી.જુનાગઢને મોકલ્યા અંગેનો ફો. |
| ડી.૨૯ | ૮૧ | એફ.એસ.એલ.ની પહોંચ |
| ડી.૩૦ | ૮૨ | જીલ્લા મેજી.શ્રીનું જાહેરનામું |
| ડી.૩૧ | ૮૩ | બી.ડીવી.પો.સ્ટે.ગુ.ર.નં.ફ.૨૦૮/૨૦૧૮ ની એફ.આઈ.આર. |
| ડી.૩૨ | ૮૪ | બી.ડીવી.પો.સ્ટે.ગુ.ર.નં.ફ.૨૦૯/૨૦૧૮ ની એફ.આઈ.આર. |
| ડી.૩૩ | ૮૫ | બી.ડીવી.પો.સ્ટે.ગુ.ર.નં.ફ.૨૦૮/૨૦૧૮ ની સ્ટે.ડા.નો ઉતારો |

(૬) ફરીયાદીપક્ષે રજુ રાખેલ આંક-૧૩૩ ની કલોઝીંગ પુરસીસ અન્વયે ફરીયાદપક્ષના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આરોપીઓના ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધતા ફરીયાદપક્ષનો પુરાવો તેઓની હાજરીમાં લેવામાં આવેલ હોવાનો સ્વીકાર કરેલ છે. જયારે ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કારાત્મક બચાવ લઈ વધુમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ હાજર હતા નહીં જેથી બનાવ અંગે તેમને કાંઈ ખબર નથી. જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એડી.પી.પી. શ્રી જે.એમ.દેવાણીએ રેકર્ડ મુજબની રજુઆત કરી ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય સજા કરવા રજુઆત કરેલ છે.

(૯) જયારે આરોપીઓ તરફે વિ. વકીલશ્રી જે.આર.જોષીએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હો પુરવાર થતો નથી. વધુમાં આ કામે પંચો હોસ્ટાઈલ ગયેલા છે. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૧૦) ત્યાર બાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૨૧/૧૨/૨૦૧૮ ના કલાક ૧૫.૦૦ વાગ્યાના અરસામાં જુનાગઢ ચુનારાવાસ, ડંકીવાળી ગલીમાં આ કામના ફરીયાદી તથા તેમના ભાણેજ વિપુલને મારી નાખવાના ઈરાદે કાયદા વિરૂઘ્ધની મંડળી રચી તલવાર, લોખંડના પાઈપ જેવા પ્રાણઘાતક હથિયારોથી સજજ થઈ ફરીયાદીના ઘરે ગયેલ

અને ફરીયાદીના દીકરા પરાગ વિશે પુછપરછ કરેલ અને આરોપીની બહેન અસમાને વિપુલ તથા પરાગ હેરાન કરે છે તેવું આળ મુકીને તે મનદુ:ખના કારણે આરોપી નં.૧ નાએ ફરીયાદીને મારી નાખવાના ઈરાદે પાસેની તલવારનો ઘા કરતા છટકી જતા જે ફરીયાદીને ડાબા પગમાં પંજામાં ગં ભીર ઈજા પહોંચેલ તેમજ અન્ય આરોપીઓએ લોખંડના પાઈપ ધારણ કરેલ હોય તે પાઈપ વડે ફરીયાદીને માથામાં તેમજ શરીરે માર મારી લોહીયાળ ગં ભીર ઈજા પહોંચાડી ફરીયાદીનું ખુન કરવાની કોશીશ કરેલ તે દરમ્યાન સાહેદ વિપુલભાઈ બચાવવા વચ્ચે પડતા આરોપી નં.૧ એ તેના માથામાં તલવારનો ઘા મારી ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી અને અન્ય તમામ આરોપીઓએ પણ આડેધડ લોખંડના પાઈપથી માર મારી ઈજાઓ પહોંચાડી સાહેદ વિપુલભાઈનું પણ ખુન કરવાની કોશીશ કરી ભારતીય દં ડ સંહિતાની કલમ- ૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ- ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-:: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં. ૧ : :-</u>**

(૧૨) કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો નિ:શંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે અને આરોપી સામેની સાબીતીનો ભાર ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદ પક્ષે

સંપુર્ણ અને સજ્જડ પુરાવો આપવાનો છે અને આરોપીએ તો માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના કેસની નબળાઈનો લાભ ફરીયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે અને પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. દરેક કેસ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે અને પુરાવાના મુલ્યાંકન બાબતે કાયદામાં કોઈ પ્રક્રીયા જણાવવામાં આવેલી નથી. તેવી જ રીતે, પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા કોર્ટે ધ્યાનમાં રાખવાની છે અને કેટલા જથ્થામાં પુરાવો છે તે હકીકત અગત્યની નથી. માત્ર એક જ માનવાલાયક સાહેદના પુરાવાના આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે જથ્થાબંધ પુરાવો રજુ કરવાની ફરીયાદપક્ષે કોઈ જરૂર નથી. ન્યાયશાસ્ત્ર નાં સુસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી સામેનું તહોમતનામું શંકા રીહત, સચોટ અને સંપુર્ણ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશને નિભાવવાની છે. જો આરોપી પોતાનો સ્પષ્ટ બચાવ લેતો હોય અગર તો એલીબીની તકરાર ઉઠાવતો હોય તો તે સંદર્ભે આરોપીએ કેટલેક અંશે પુરાવો રજુ કરવો પડે, પરંતુ હાલનાં કેસમાં આરોપીઓએ બચાવનાં કોઈ સાહેદ તપાસેલ નથી અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબના પોતાના વિશેષ નિવેદનમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેના ઉપર ખોટો કેસ કરેલ છે, તે સંજોગોમાં પ્રોસીકયુશને આરોપીઓ સામેનું આરોપનામુ શંકા રહીત સાબીત કરવું પડે. નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓથી પ્રસ્થાપિત થયા મુજબ જો પ્રોસીકયુશનનાં કેસ માંથી વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ હમેશાં આરોપીને મળવાને પાત્ર થતો હોય છે. જયારે પ્રોસીકયુશનનાં ખુદનાં કેસમાંથી પ્રોસીકયુશને રજુ કરેલ પુરાવામાંથી જો શંકા ઉત્પન્ન થતી હોય અગર તો ઉદ્દભવતી હોય તો તેવી શંકાને વ્યાજબી શંકા કહી શકાય અને તેનો લાભ આરોપીને મળી શકે, પરંતુ શકયતાઓ આધારીત કે અટકળો આધારીત ઉભી કરાયેલી શંકાને વ્યાજબી શંકા કહેવાય નહી અને તેનો લાભ આરોપી ને મળે નહી. ન્યાયશાસ્ત્રનાં સુસ્થાપિત સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી સામેનો કેસ સાબિત થાય નહી

ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેમ માનીને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે. આરોપીએ 'ગુનો કર્યો છે' અને 'ગુનો કર્યો હશે' તે બંને વચ્ચે ઘણું જ લાંબુ અંતર રહેલું છે અને આવું લાંબુ અંતર પ્રોસીકયુશને જ સચોટ અને શંકા રહીત પુરાવો રજુ કરીને કાપવાનું હોય છે. આમ, કાયદો પ્રોસીકયુશન પાસે શ્રેષ્ઠ પુરાવાની અપેક્ષા રાખે છે. ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ વ્યાજબી શંકાનો લાભ અને શ્રેષ્ઠતમ પુરાવાની અપેક્ષા એ બે અભિગમો પ્રવર્તે છે. આરોપી વિરૂઘ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ  શંકા એ શંકા જ રહે છે. શંકા કદી પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. વળી, ન્યાયાધિશે બે પ્રકારની ભુમિકા અદા કરવાની છે જેમાં એક નિર્દોષને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું હોય છે, તે જ રીતે એક દોષિત કરેલા ગુનામાંથી છટકી ન જાય તે પણ જોવાનું હોય છે. ન્યાયીધીશે સત્યનું શોધન કરવાનું હોય છે. નાની–મોટી વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાની હોય છે અને કાયદેસરનાં અને મહત્વનાં પુરાવાને હમેશાં નજર મધ્યે રાખવાનો હોય છે. દરેક કેસમાં નાની–મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવતાં હોય છે, પરંતુ જો આવી વિસંગતતા કે વિરોધાભાસો પ્રોસીકયુશનનાં કેસને મુળમાંથી અસરકર્તા ન હોય તો તેની અવગણનાં કરવાની હોય છે. દરેક સાહેદની વર્તણુંક, સ્મરણ શકિત, વિચારવાની શકિત અને અવલોકન શકિત જુદી જુદી હોય છે. આવા સંજોગોમાં અદાલતે ખાણીયાની જેમ કામગીરી હાથ ધરી કાયદેસરનાં પુરાવાને ઘ્યાને લેવાનો હોય છે. આ તમામ પાયાનાં સિઘ્ધાંતોને નજર મધ્યે રાખીને હું હાલનાં કેસનો ન્યાયીક નિકાલ કરી રહયો છું.

(૧૩) ફરીયાદપક્ષે  પોતાનો કેસ સાબિત કરવા માટે આંક–૪૭ થી પરેશભાઈ દામજીભાઈ સોલંકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, બનાવ આજથી અંદાજીત ત્રણ ચાર વર્ષ પહેલા બનેલ હતો. બનાવ ચુનારાવાસમાં તેઓના ઘરની બાજુમાં બનેલો હતો. બનાવમાં તેઓને પીઠના ભાગે ઈજા થયેલી હતી. તેઓએ આ ઈજાઓ સબંધે સિવીલ હોસ્પિટલ જુનાગઢ ખાતે સારવાર લીધેલી હતી. બનાવ

વખતે તેઓએ પેન્ટ અને ટીશર્ટ પહેરેલા હતા. મુદદામાલ આર્ટીકલ નં.એસ અને ટી જે શીલપેક કન્ડીશનમાં આવેલ છે જે બતાવતા મુદદામાલ આર્ટીકલ નં.'એસ' ઉપર ગુનાના ટુંકા વર્ણન વાળી કાપલી લગાડવામાં આવેલી છે જે ખોલીજે જોતા તેમાંથી એક કેસરી કલરનું બંડી જેવું ટીશર્ટ તથા પંચ સ્લીપ અને એફ.એસ.એલ. જુનાગઢની ચીઠી મળી આવેલ છે. જે પૈકી કેસરી રંગનું બંડી જેવુ ટીશર્ટ જોઈને જણાવે છે કે, આ ટીશર્ટ તેઓનું છે તે તેઓને બનાવ વખતે પહેરેલ હતુ તે તેઓ ઓળખી બતાવે છે. મુદદામાલ આર્ટીકલ નં. 'ટી' ઉપર ગુનાના ટુંકા વર્ણન વાળી કાપલી લગાડવામાં આવેલી છે જે જોતા તેમાંથી જીન્સનું પેન્ટ વાદળી કલરનું તથા પંચસ્લીપ અને એફ.એસ.એલ. જુનાગઢની ચીઠી મળી આવેલ છે. જે પૈકી જીન્સનું વાદળી કલરનું પેન્ટ તેઓનું છે અને તે તેઓએ બનાવ વખતે પહેરેલ હતુ તે તેઓ ઓળખી બતાવે છે. આ ગુનાની ફરીયાદ બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. સદરહુ ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષને મદદ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

જયારે આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં મહત્વની હકીકત જણાવે છે કે, તેઓને હાલના આરોપીઓ સામે સામાન્ય બોલાચાલી થયેલી હતી. તેઓને પોલીસે માત્ર નામ, ઠામ, સરનામું પુછેલું અને એક કાગળમાં તેઓની સહી લીધેલી. આ સિવાય તેઓને કોઈ આરોપીઓએ હથિયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવો કોઈ બનાવબનેલ નથી. બોલાચાલી થયેલી તે વખતે ઘણા માણસો ભેગા થઈ ગયેલા હતા. ઘણા માણસો ભેગા થઈ જતા ધકકા મુકકી થવાથી તેઓ પડી ગયેલ અને પડી જવાથી તેઓને ઈજા થયેલી. હોસ્પિટલમાં ડોકટર રૂબરૂની હિસ્ટ્રીમાં તેઓને કોઈ આરોપીએ હથિયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવી કોઈ હકીકત તેઓએ જણાવેલી નથી. આજરોજ કોર્ટમાં હાજર આરોપીઓને તેઓએ કયારેય અગાઉ જોયેલ નથી કે તેઓ ઓળખતા નથી.

(૧૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક-૪૯ થી સાહેદ વિપુલભાઈ ભુપતભાઈ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, તેઓ જુનાગઢ મુકામે મજેવડી ગેઈટ ચુનારાવાસ ડંકીવાળી ગલીમાં રહે છે. આ કામના ફરીયાદી પરેશભાઈ દામજીભાઈ સોલંકી તેઓના મામા થાય છે. તેઓ પણ તેઓની બાજુમાં તેઓના પાડોશમાં રહે છે. તેઓને ચુનારાવાસમાં ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોરના નામની દુકાન છે. જેમાં તેઓ કરીયાણાનો ધંધો કરે છે. તેઓના મામા પરેશભાઈના પુત્રનું નામ પરાગભાઈ છે. બનાવ બનેલ તે વખતે તેઓ ઘરે હતા તેઓને માથામાં ઈજા થયેલી હતી અને છ સાત ટાકા આવેલા હતા. જેથી તેઓએ સરકારી હોસ્પિટલ જુનાગઢ ખાતે સારવાર લીધેલી હતી. તેઓને બનાવ વખતે તેઓએ જે કપડા પહેરેલા હતા તે બતાવવામાં આવે તો તેઓ ઓળખી જાય. તેઓને મુદદામાલ આર્ટીકલ યુ તથા વી જે શીલબંધ કન્ડીશનમાં આવેલ છે તે બતાવતા જેમાં આર્ટીકલ યુ માંથી એક વાદળી બ્લુ કલરની ડીઝાઈન વાળો આખી બાયનો શર્ટ નીકળેલ છે. જે શર્ટ તેઓએ બનાવ વખતે પહેરેલ હતો તે ઓળખી બતાવે છે. તેમજ તેમાંથી પંચસ્લીપ નિકળે છે. તેમજ આર્ટીકલ વી માંથી જીન્સનું કાળા કલરનું પેન્ટ છે જે તેઓએ બનાવ વખતે પહેરેલ હતો તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ પંચસ્લીપ નિકળે છે. મુદદામાલ આર્ટીકલ યુ અને વી માંથી મળી આવેલ પંચ સ્લીપ અનુક્રમે આંક-૫૦ અને ૫૧ થી તેમજ મુદદામાલ આર્ટીકલ એસ અને ટી ખોલવામાં આવેલ હોય તેમાંથી પણ કુલ બે પંચ સ્લીપ મળી આવેલ. તેઓ બનાવના દિવસે તેઓના મામાના ઘરે નીચે પડી ગયેલ હોય જેથી તેઓને ઈજાઓ થયેલી હતી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષને મદદ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

જયારે આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં મહત્વની હકીકત જણાવે છે કે, તેઓના મામાને અને તેઓને હાલના આરોપીઓ સામે સામાન્ય બોલાચાલી

થયેલી હતી. સામાન્ય બોલાચાલી વખતે ઘણા માણસો ભેગા થઈ ગયા હતા અને ઘણા માણસો ભેગા થવાના કારણે ધકકામુકકી થતા તેઓને તથા તેઓના મામાને પડી જતા ઈજા થયેલી. તેઓને તથા તેઓના મામાને કોઈ આરોપીઓએ હથિયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવું બનેલ નથી. તેઓને દવાખાનામાં પોલીસે માત્ર તેઓનું નામ, ઠામ, સરનામું પુછેલું તે સિવાય તેઓને કાંઈ પુછેલ નથી કે તેઓએ કાંઈ લખાવેલ નથી. તેઓ આરોપીઓને ઓળખતા નથી કે તેમને કયારેય જોયેલા નથી.

(૧૫) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક–૧૦૦ થી પોલીસ સાહેદ તરૂલતાબેન મહેશભાઈ મહેતાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, સને–૨૦૧૮ ના અરસામાં તેઓ બી.ડીવી.પો.સ્ટે.જુનાગઢ ખાતે તેઓની ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ ૨૦.૨૦ થી તા.૨૨/૧૨/૨૦૧૮ ના કલાક ૮.૦૦ દરમ્યાન તેઓ બી.ડીવી.પો.સ્ટે.ના ચાર્જમાં હતા. તે વખતે પોલીસ સબ ઈન્સ.શ્રી કે.કે.મારૂએ તેમના રૂબરૂ પરેશભાઈ દામજીભાઈ સોલંકીએ લખાવેલી ફરીયાદ ગુનો રજીસ્ટર કરવા સારૂ લેખીત યાદી સાથે તેઓના તરફ મોકલતા તેઓએ સદર ફરીયાદ આધારે ગુ.રજી.ફર્સ્ટ ૨૦૮/૨૦૧૮ થી ઈ.પી.કો.કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી તે અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં નોંધ નં.૧૪/૨૦૧૮ થી કરેલી હતી. તેઓને આંક–૪૮ વાળી ફરીયાદ બતાવતા આ જ ફરીયાદના આધારે તેઓએ ગુનો રજીસ્ટર કરેલ હતો. તેમજ તેઓને આંક–૮૩ વાળી એફ.આઈ.આર. તથા આંક–૮૫ વાળી સ્ટેશન ડાયરી બતાવવામાં આવે છે જે બંને દસ્તાવેજો તેઓએ તૈયાર કરેલા અને તપાસના કામે ત.ક.અ.ને સોંપેલા હતા તે જ છે. તેઓને આંક–૫૫ વાળી ગુનો રજીસ્ટર કરવા સંબંધેની યાદી બતાવતા આ યાદી પોલીસ સબ ઈન્સ. કે.કે.મારૂએ તેઓને આપેલી હતી જે તેઓને મળેલી હતી જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ સદરહુ બનાવ સંબંધે તેઓએ ફેકસ

મેસેજથી તે જ દિવસે પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢને જાણ કરેલી હતી. જે ફેકસ મેસેજ આ કામે આંક–૫૬ થી રજુ થયેલ છે તે જ છે તેઓ ઓળખી બતાવે છે. તેમજ સદરહુ ગુનાની આગળની તપાસ સાધનિક કાગળો સાથે તેઓએ પોલીસ સબ ઈન્સ.શ્રી કે.કે.મારૂને લેખીત યાદી સાથે સોંપી આપેલી હતી જે લેખીત યાદી આ કામે આંક–૫૭ થી રજુ થયેલ છે જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

જયારે આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં મહત્વની હકીકત જણાવે છે કે, તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલી હકીકત સિવાય બીજી કોઈ કામગીરી કરેલી નથી.

(૧૬) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક–૧૦૧ થી ત.ક.અ.શ્રી કીંજલ કરશનભાઈ મારૂને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, સને–૨૦૧૮ ના અરસામાં તેઓ બી.ડીવી.પો.સ્ટે.જુનાગઢ ખાતે તેઓની ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ દવાખાના પોલીસ ચોકી જુનાગઢના ડી.ઓ.નંબર ૬૨૩૭/૨૦૧૮ થી દાખલ થયેલ દર્દી વિપુલભાઈ ભુપતભાઈ તથા પરેશભાઈ દામજીભાઈ ભારે ગુનાની હકીકતો જણાવતા હોય જે સંબંધેની તેઓને લેખીત જાણ મળતા તેઓએ તાત્કાલીક સિવીલ હોસ્પિટલ જુનાગઢ ખાતે જઈ દાખલ થયેલ દર્દી પરેશ દામજીભાઈ સોલંકીની પુછપરછ કરતા તેઓએ બનાવ સંબંધે તેઓના રૂબરૂ લેખીત ફરીયાદ જાહેર કરેલ હોય જેથી તેઓના લખાવ્યા મુજબની ફરીયાદી તેઓને વાંચી સંભળાવતા જે બરાબર હોય જેથી તેઓએ તેઓની રૂબરૂ તેમની સહી કરેલી હતી. તેમજ દવાખાના પોલીસ ચોકી તરફથી મળેલ ડી.ઓ.નં.૬૨૩૭/૨૦૧૭ તેઓએ તપાસના કાગળોમાં સામેલ રાખેલ હતુ. ફરીયાદીએ આપેલી ફરીયાદ ગુનો રજીસ્ટર કરવા સારૂ લેખીત યાદી સાથે તેઓએ પી.એસ.ઓ.બી.ડીવી.પો.સ્ટે.જુનાગઢ તરફ રવાના કરેલી હતી. પી.એસ.ઓ.બી.ડીવી.દ્વારા સદર ફરીયાદ આધારે ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓને તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ લેખીત યાદી સાથે સોંપવામાં આવેલી. સદર ગુનાની

તપાસ તેઓને મળ્યા બાદ તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના નોંધેલા અને તેઓના તપાસ દરમ્યાન આરોપીઓ સોહીલ, જુનેદ તથા ઈદ્રીસે સદરહુ ગુનો કરેલ સંબંધેના અટક કરવા યોગ્ય પુરાવાઓ મળી આવેલ હોય જેથી આરોપીઓને તા.૨૨/૧૨/૨૦૧૮ ના રોજ તટસ્થ પંચોને હાજર રાખી તેઓની રૂબરૂમાં આરોપીને અટક કરવામાં આવેલા અને તે અંગેનું ધોરણસરનું પંચનામું પંચોના લખાવ્યા મુજબનું તેઓએ કરેલ હતુ અને પંચનામાની વિગત તમો આરોપી સોહીલ પાસેથી બનાવ વખતે વાપરવામાં આવેલ તલવાર તથા તમો આરોપીએ બનાવ વખતે પહેરેલા કપડા તેમજ તમો આરોપી જુનેદ પાસેથી બનાવ વખતે વાપરવામાં આવેલ લોખંડનો પાઈપ તેમજ બનાવ વખતે પહેરેલ કપડા તથા તમો આરોપી ઈદ્રીશ પાસેથી બનાવ વખતે ઉપયોગમાં લેવાયેલ લોખંડનો પાઈપ તથા બનાવ વખતે પહેરેલ કપડા સદર પંચાનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલા હતા. તેમજ તેઓને મુદદામાલ આર્ટીકલ એ, બી, સી, ડી, ઈ,એફ,જી,એચ,આઈ વાળો મુદદામાલ બતાવતા સદર પંચનામાની વિગતે આ જ મુદદામાલ કબજે કરવામાં આવેલો હતો જે તેઓ ઓળખી બતાવે છે. તેઓની તપાસ દરમ્યાન તા.૨૨/૧૨/૨૦૧૮ ના રોજ સ્થાનીક જગ્યાનું પંચનામું સાહેદ શાંતાબેન દામજીભાઈ સોલંકીને હાજર રાખી તેમજ તટસ્થ પંચોને હાજર રાખી પંચોના લખાવ્યા મુજબનું કરવામાં આવેલ હતું. તા.૨૨/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ સાહેદ વિપુલભાઈ ભુપતભાઈનું નિવેદન તેઓના લખાવ્યા મુજબનું નોંધેલ હતુ.

જયારે આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં મહત્વની હકીકત જણાવે છે કે, ફરીયાદ લીધી તે સિવાય તેઓને ફરીયાદીને મળવાનું થયેલ નથી. બનાવવાળી જગ્યાનું પંચનામું કર્યા બાદ બનાવવાળી જગ્યાએ ફરી તેઓને જવાનું થયેલ નહી. બનાવવાળી જગ્યા ગલી છે અને તેની ફરતે આજુબાજુ મકાનો આવેલા છે. બનાવ બન્યો ત્યારે બનાવવાળું સ્થળ મકાન કોની માલીકીનું છે તેનો દસ્તાવેજ મેળવેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક–૧૦૬ થી ત.ક.અ.શ્રી રમાબેન ભલાભાઈ સોલંકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની જોવામાં આવે તો, તા.૨૧/૧૨/૨૦૧૯ ના રોજ તેઓ બી.ડીવી.પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ગુના રજી.નં.ફર્સ્ટ ૨૦૮/૨૦૧૮ ના ગુનાની તપાસ તેઓના પુરોગામી ત.ક.અ.શ્રી મારૂ પાસેથી તેઓએ સંભાળેલી હતી અને તે વખતે તેઓને મળેલા તપાસના કાગળોનો તેઓએ અભ્યાસ કરી આગળની તપાસ શરૂ કરેલી હતી અને તેઓની તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના તેઓએ નોંધેલ હતા. તેઓની તપાસ દરમ્યાન આરોપી અયુબભાઈ આમદભાઈ, મકબુલ હબીબભાઈ દલ, અનવર ગફારભાઈની સદરહુ કામે અટક કરવા યોગ્ય પુરાવો મળી આવેલો હોય જેથી તેઓએ તા.૨૨/૧૨/૨૦૧૮ ના રોજ આરોપીઓની અટક ધોરણસર કરી તે અંગેનું નિયમોનુસારનું પંચનામું તટસ્થ પંચોને હાજર રાખી તેઓની હાજરીમાં તેમના લખાવ્યા મુજબનું કરેલ હતું અને સદર પંચનામાની કાર્યવાહી દરમ્યાન આરોપી અયુબ પાસેથી લોખંડનો પાઈપ તથા તેણે બનાવ વખતે પહેરેલ કપડા તેમજ આરોપી મકબુલ પાસેથી લોખંડનો પાઈપ તેમજ તેણે બનાવ વખતે પહેરેલ કપડા તેમજ આરોપી અનવર પાસેથી લોખંડનો પાઈપ તથા તેણે બનાવ વખતે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલા હતા. તેઓની તપાસ દરમ્યાન સદરહુ ગુનાના કામે આઈ.પી.સી.કલમ ૩૦૭ નો ઉમેરો થાય તે પ્રમાણેના પુરાવા મળી આવેલા હોય જેથી તા.૨૨/૧૨/૨૦૧૮ ના રોજ સદર કામે આઈ.પી.કલમ–૩૦૭ નો ઉમેરો કરવા સબંધેનની લેખીત યાદી તેઓએ ચીફ જયુડી.મેજી.સાહેબ જુનાગઢને કરેલી. તેમજ સદર કામે આઈ.પી.સી.કલમ–૩૦૭ નો ઉમેરો થયેલ હોય જે અંગેનો વિ.એચ.એફ.મેસેજ તેઓએ તેઓના ઉપરી અધિકારીઓને કરેલો હતો. તેઓની તપાસ દરમ્યાન આરોપીના બ્લડ સેમ્પલ લેવડાવવા માટે તા.૨૨/૧૨/૨૦૧૮ ના રોજ સરકારી હોસ્પિટલ જુનાગઢના એમ.ઓ.શ્રીને લેખીત યાદી કરી બ્લડ સેમ્પલ લેવડાવવા માટેની કાર્યવાહી કરવામાં આવેલી.

તેમજ સદર કામે ઈજા પામનારના બ્લડ સેમ્પલ લેવડાવવા માટેની કાર્યવાહી તા.૨૩/૧૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલી હતી. સદર લેખીત યાદી આંક–૬૬ થી રજુ થયેલ છે જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. તેમજ સદર કામે બનાવવાળી જગ્યાની એફ.એસ.એલ તપાસ કરાવવા અંગેની યાદી સંબેધે તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ તેઓએ પોલીસ અધિ.શ્રી જુનાગઢને વિ.એચ.એફ.મેસેજ કરેલો. તેમજ સદર યાદી અનુસંધાને તા.૨૫/૧૨/૨૦૧૮ ના રોજ એફ.એસ.એલ.અધિકારશ્રી દેસાઈ ઘ્વારા સ્થળ પરીક્ષણ અંગે આપેલો અહેવાલ તેઓએ તપાસના કામે રજુ રાખેલ હતો. તેઓની તપાસ દરમ્યાન આ કામે ઈજા પામનાર ફરીયાદી પરેશભાઈ તેમજ ઈજા પામનાર સાહેદ વિપુલભાઈએ બનાવ વખતે પહેરેલ કપડા સાહેદ શાંતાબેન દામજીભાઈ સોલંકી ઘ્વારા રજુ કરવામાં આવેલ હોય જેથી સદર કપડા કબજે કર્યા અંગેનું ધોરણસરનું પંચનામું તટસ્થ પંચોને હાજર રાખી તેઓની હાજરીમાં તેમના લખાવ્યા મુજબનું કરવામાં આવેલ હતું. તેમજ સદર કામે ઈજા પામનાર પરેશભાઈ દામજીભાઈ સોલંકીના બ્લડ સેમ્પલ લેવડાવવા માટેની કાર્યવાહી તા.૦૨/૦૧/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલી હતી. સદર ગુનાની તપાસ દરમ્યાન મેડીકલ ઓફીસરશ્રી ઘ્વારા ફરીયાદપક્ષના સાહેદો તથા આરોપીઓના બ્લડ સેમ્પલ લેવામાં આવેલ હોય જે બ્લડ સેમ્પલ એ.એસ.આઈ. માધાભાઈ સોમાભાઈ ઘ્વારા પોલીસ સ્ટેશન ખાતે રજુ કરવામાં આવેલ હોય જે અંગેનું ધોરણસરનું પંચનામું તટસ્થ પંચોને હાજર રાખી તેઓની હાજરીમાં તેમના લખાવ્યા મુજબ પી.એસ.ઓ.શ્રી ગઢવી ઘ્વારા નોંધવામાં આવેલ હતુ જેમાં પંચોએ સહી કરેલી હતી અને રૂબરૂપણામાં શ્રી ગઢવીએ તેમની સહી કરેલી હતી. તેઓની તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલો મુદદામાલ એફ.એસ.એલ. પૃથ્થકરણ માટે લેખીત યાદી સાથે રવાના કરવામાં આવેલો હતો. તેમજ ઈજા પામનાર અને આરોપીઓના બ્લડ સેમ્પલ મેડીકલ ઓફીસરશ્રી ઘ્વારા રવાના કર્યા અંગેના લેખીત પત્રો જે તેઓને મળેલા હતા જેમાં શીલના નમુના તથા મેડીકલ ઓફીસરના સહી સિકકા હતા જે પત્રો તેઓએ તપાસના કામે સામેલ રાખેલ હતા. તેમજ

તેઓને એફ.એસ.એલ.ને મોકલેલ મુદદામાલ એફ.એસ.એલ.ને મળી ગયા અંગેની પહોંચ તેઓને તપાસના કામે સામેલ રાખેલ હતી. તેઓની તપાસ દરમ્યાન સદર બનાવ બનેલ તે વખતે તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજનું જીલ્લા મેજી.જુનાગઢનું ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૭(૧) અન્વયેનું જાહેરનામું અમલમાં હોય તેવી હકીકત ખુલેલ હોય જેથી તેઓએ જીલ્લા મેજી.શ્રીનું સદર જાહેરનામું મેળવી તેની ખરીનકલ તપાસના કામે રજુ રાખેલ હતી. સદર બનાવની એફ.આઈ.આર. તેઓએ તપાસના કામે રજુ રાખેલી. તેમજ સદર બનાવ અનુસંધાને ક્રોસ ગુનો નોંધાયેલ હોય જે ગુનાની એફ.આઈ.આર. ની ખરીનકલ તેઓએ તપાસના કામે રજુ રાખેલી. તેમજ સદર બનાવ અનુસંધાને ગુનો દાખલ થયાની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવામાં આવેલી હોય જેના લગત પાનાના ઉતારાની ખરીનકલ તેઓએ તપાસના કામે સામેલ રાખેલી. તેઓએ તેઓની તપાસ દરમ્યાન તા.૨૨/૧૨/૨૦૧૮ ના રોજ સાહેદ વિપુલ ભુપત, ભુપત ગોવિંદ, રાધાબેન પરેશ, નયનાબેન ભુપતના નિવેદનો તેના લખાવ્યા અને જણાવ્યા મુજબના નોંધી લીધા બાદ તે નિવેદનો તેઓએ સાહેદોને વાંચી સંભળાવેલ અને બાદ તે નિવેદનમાં તેઓએ રૂબરૂ તરીકે તેઓની સહી કરેલી. તેઓએ તેઓની તપાસ દરમ્યાન તા.૦૨/૦૧/૨૦૧૦ ના રોજ સાહેદ સુરેશ ધીરૂભાઈ, સતીષ ભુપતા અને પરાગ પરેશના નિવેદનો તેના લખાવ્યા અને જણાવ્યા મુજબના નોંધી લીધેલા. નોંધી લીધા બાદ તે નિવેદનો તેઓએ સાહેદોને વાંચી સંભળાવેલ અને તે બાદ તે નિવેદનમાં તેઓએ રૂબરૂ તરીકે સહી કરેલી. તેઓએ તેઓની તપાસ દરમ્યાન તેઓના પુરોગામી પી.એસ.આઈ. કે.કે.મારૂનાઓએ કરેલા તપાસ અંગેના કાગળો મેળવી અને અભ્યાસ કરેલો અને તેઓની તપાસ દરમ્યાન આરોપીઓ સામે ચાર્જશીટ કરવા લાયક પુરાવો આવતા તેઓએ તા.૧૩/૦૪/૨૦૧૯ ના રોજ આઈ.પી.સી.કલમ–૩૦૭,૩૨૪, ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ ચાર્જશીટ કરેલું.

જયારે આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં મહત્વની હકીકત જણાવે છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને વાહનોની તથા લોકોની સતત અવરજવર હોય છે. તેઓએ તેઓની તપાસ દરમ્યાન બનાવવાળી જગ્યાના સી.સી.ટી.વી.ફુટેજ કબજે કરેલ નથી તથા નજરે જોનાર સાહેદોના નિવેદનો લીધેલા નથી. તેઓને તપાસ મળેલ તે વખતે ફરીયાદ તૈયાર મળેલ હતી.

(૧૮) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે હાલના કામે ફરીયાદી પરેશભાઈ દામજીભાઈ સોલંકીની આંક–૪૭ ની જુબાની જોવામાં આવે તો, બનાવ આજથી અંદાજીત ત્રણ ચાર વર્ષ પહેલા બનેલ હતો. બનાવ ચુનારાવાસમાં તેઓના ઘરની બાજુમાં બનેલો હતો. બનાવમાં તેઓને પીઠના ભાગે ઈજા થયેલી હતી. તેઓએ આ ઈજાઓ સબંધે સિવીલ હોસ્પિટલ જુનાગઢ ખાતે સારવાર લીધેલી હતી. જો કે, આ ફરીયાદી તેમને ઈજા થયેલ તે શેનાથી થયેલ છે તે ખબર ન હોવાનું જણાવે છે અને તેમને જેણે ઈજા પહોંચાડેલ છે તેઓના નામ યાદ ન હોવાનું અને તેઓને ઓળખી શકે નહી તેવી હકીકત જણાવેલ છે. વધુમાં તેઓ હાલના કામના આરોપીઓને ઓળખી શકે નહી તેવી પણ હકીકત જણાવેલ છે. જયારે આ સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં આ કામે આરોપીઓએ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને આરોપીઓએ હથિયાર વડે કોઈ ઈજા પહોંચાડેલ હોય તેવો કોઈ બનાવ બનેલ ન હોવાનું સ્વીકારે છે. તેઓએ વધુમાં બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ જતા ધકકામુકકીમાં પડી જવાથી તેઓને ઈજા થયેલી હતી તેમજ તેઓએ હોસ્પિટલમાં ડોકટર રૂબરૂ હિસ્ટ્રીમાં પણ આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. આમ, હાલના ફરીયાદીની જુબાની ધ્યાને લેતા હાલના કામના આરોપીઓએ તેઓને હથિયાર વડે માર મારી ઈજા કરેલ હોય તેવી લેશમાત્ર હકીકત જણાવેલ નથી. બલકે આ ઈજા પામનાર ફરીયાદીએ તેમની જુબાનીમાં

બનાવ સમયે તેઓને ધકકામુકકીમાં પડી જવાથી ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ છે. તે સંજોગોમાં ફરીયાદીએ ફરીયાદ હકીકતથી તદન વિરોધાભાસી હકીકત તેમની જુબાનીમાં જણાવેલ છે. તે સંજોગોમાં હાલના કામના ફરીયાદીની જુબાની ઘ્યાને લેતા હાલના કામના આરોપીઓએ હાલના કામના ફરીયાદીને કોઈ ઈજા પહોંચાડેલ હોય કે ગેરકાયદેસર મંડળી રચી તેઓને માર મારેલ હોય તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. વધુમાં અન્ય ઈંજા પામનાર સાહેદ વિપુલભાઈ ભુપતભાઈ પરમારની આં: ૪૯ ની જુબાની જોવામાં આવે તો તેમને માથામાં ઈંજા થતા છ –સાત ટાકા આવેલ અને તેની જુનાગઢ સરકારી દવાખાનામાં સારવાર લીધેલ હતી. જોકે તેઓને આ ઈંજા તેઓ તેમના મામાના ઘર પાસે નીચે પડી જતા ઈંજા થયેલ હોવાનુ જણાવેલ છે. આમ, સદરહુ સાહેદને કોઈ આરોપીઓએ માર મારી ઈંજા કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. બલ્કે તેઓને પડી જવાથી ઈંજા થયેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં આ સોહદ બચાવ પક્ષેની ઉલટ તપાસમાં પણ બનાવ સમયે આરોપીઓ સાથે તેમને તથા તેમના મામાને સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ સ્વીકારેલ છે. તેમજ બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ જતા ધકકા મુકીમાં પડી જવાથી તેમને તથા તેમના મામાને ઈંજા થયેલ હોવાની હકીકત સ્વીકારેલ છે. તે સં જોગોમાં આ સાહેદની જુબાની મુજબ આરોપીઓએ તેઓને ઈંજા કરેલ હોય તેવી લેશમાત્ર હકીકત રેકોર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પોલિસ સાહેદોની જુબાની ઘ્યાને લેતા તેઓએ ફરજના ભાગ રૂપેની કાર્યવાહી કરેલ છે. વધુમાં આ સાહેદોએ તેમની જુબાનીમાં બનાવ તેઓએ નજરે જાયેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તે સંજોગોમાં એક માત્ર પોલિસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૯) આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ તમામ પુરાવાનુ મુલ્યાંકન કરતા આરોપીઓએ તા.૨૧/૧૨/૨૦૧૮ ના કલાક ૧૫.૦૦ વાગ્યાના અરસામાં જુનાગઢ ચુનારાવાસ, ડંકીવાળી ગલીમાં આ કામના ફરીયાદી તથા તેમના ભાણેજ વિપુલને મારી

નાખવાના ઈરાદે કાયદા વિરૂધ્ધની મંડળી રચી તલવાર, લોખંડના પાઈપ જેવા પ્રાણઘાતક હથિયારોથી સજ્જ થઈ ફરીયાદીના ઘરે ગયેલ અને ફરીયાદીના દીકરા પરાગ વિશે પુછપરછ કરેલ અને આરોપીની બહેન અસમાને વિપુલ તથા પરાગ હેરાન કરે છે તેવું આળ મુકીને તે મનદુ:ખના કારણે આરોપી નં.૧ નાએ ફરીયાદીને મારી નાખવાના ઈરાદે પાસેની તલવારનો ઘા કરતા છટકી જતા જે ફરીયાદીને ડાબા પગમાં પંજામાં ગંભીર ઈજા પહોંચેલ તેમજ અન્ય આરોપીઓએ લોખંડના પાઈપ ધારણ કરેલ હોય તે પાઈપ વડે ફરીયાદીને માથામાં તેમજ શરીરે માર મારી લોહીયાળ ગંભીર ઈજા પહોંચાડી ફરીયાદીનું ખુન કરવાની કોશીશ કરેલ તે દરમ્યાન સાહેદ વિપુલભાઈ બચાવવા વચ્ચે પડતા આરોપી નં .૧ એ તેના માથામાં તલવારનો ઘા મારી ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી અને અન્ય તમામ આરોપીઓએ પણ આડેધડ લોખંડના પાઈપથી માર મારી ઈજાઓ પહોંચાડી સાહેદ વિપુલભાઈનું પણ ખુન કરવાની કોશીશ કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે જેથી **મુદ્દા નં.–૧** નો જવાબ "**નકારમાં**" આપવામાં આવે છે અને **મુદ્દા નં.–૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

(૧) આ કામના આરોપી નં.(૧) સોહીલ શરીફભાઈ દલ,ઉ.વ.આ.૨૭, ધંધો–મજુરી, (૨) જુનેદભાઈ હબીબભાઈ દલ, ઉ.વ.આ.૨૨,ધંધો–મજુરી, (૩) ઈદ્રીશ શરીફભાઈ દલ, ઉ.વ.આ.૨૪, ધંધો–મજુરી, રહે.ત્રણેય. મજેવડી દરવાજા બહાર, ચુનારાવાસ, જાહેરશા પીરની દરગાહની બાજુમાં, જુનાગઢ, (૪) અયુબ આમદભાઈ સુમરા, ઉ.વ.આ.૨૭, ધંધો–મજુરી, રહે.મજેવડી દરવાજા બહાર, ભારત મીલ સામે, હોન્ડા શો રૂમની બાજુમાં, કરીમાબાગ સોસાયટી સામે, જુનાગઢ, (૫) મકબુલ હબીબભાઈ દલ, ઉ.વ.આ.૨૭, ધંધો–મજુરી, રહે.મજેવડી દરવાજા બહાર, ચુનારાવાસ, જાહેરશા પીરની

દરગાહની બાજુમાં, જુનાગઢ અને (૬) અનવરભાઈ ગફારભાઈ ખેંભર, ઉ.વ.આ.૨૮, ધંધો–મજુરી, રહે.નાગબાઈ ધાર વિસ્તાર, જેતપુર, જી.રાજકોટનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનામાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓએ સીઆર. પી. સી. કલમ–૪૩૭(એ) ના સુધારા મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા સંબંધે હુકમની તારીખ થી દિન ત્રણ(૩) માં પ્રત્યેકે રૂા.૧૫૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બિનકિંમત હોય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૫૨ અન્વયે અપીલ સમય વિત્યેથી નિયમાનૂસાર તેનો નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.

તા. ૨૫–૦૩–૨૦૨૬

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)